आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

## ડાંગ-આહવા

ક્રમાંક: ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/ ૩૫૫૪થી ૩૫૮૦ /૨૦૨૧ તા.૨૯/૧૦/૨૦૨૧

ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અને ૩૭(૩) તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે જાહેરનામું

વંચાણમાં લીધું :

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૮.૦૭.૨૦૨૧ના હુકમ ક્રમાંક:40-3/૨૦૨૦/DM-I(A).

(૨) ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૮.૦૬.૨૦૨૦ ના હુકમ ક્રમાંક : Z28015 / 19 / 2020 – EMR (PT).

(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ - B, તા.૨૪.૦૯.૨૦૨૧, તા.૦૮.૧૦.૨૦૨૧ અને તા.૨૮/૧૦/૨૦૨૧નો સરખા ક્રમાંકનો હુકમ.

(૪) અત્રેના તા.૦૮/૧૦/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/વશી-૩૪૬૧ થી ૩૪૮૪/૨૦૨૧.

(૫) ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦.

(૬) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫.

(૭) અત્રેની કચેરીની નોંધ, તા. ૨૯.૧૦.૨૦૨૧.

// જાહેરનામું //

નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act,2005 થી મળેલ સત્તા અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૮.૦૭.૨૦૨૧ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમ સહિતના વિવિધ હુકમો દ્વારા સમયાંતરે Surveillance, Containment અને COVID-19 ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. છેલ્લા થોડાંક માસથી સમગ્ર દેશમાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં COVID-19 ના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત કન્ટેઈનમેન્ટ સ્ટ્રેટેજીનું પાલન કરવુ આવશ્યક જણાતાં, Surveillance, Containment અને COVID-19ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authorityના નિર્દેશો મુજબ સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગ દ્વારા વંચાણ-૩ના તા.૨૮.૧૦.૨૦૨૧ના હુકમથી રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા

ફોન નં. (૦૨૬૩૧) ૨૦૨૦૨૦૧ ફેક્સ નં.(૦૨૬૩૧) ૨૨૦૨૯૪ E-mail- collector-dan@gujarat.gov.in

કરતાં ગૃહ વિભાગના તા.૨૪.૦૯.૨૦૨૧ના હુકમથી મુકવામાં આવેલ નિયંત્રણો તા.૨૯.૧૦.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૩૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે.

૨. તદનુસાર વંચાણ-(૩)ની વિગતે સમગ્ર ડાંગ જિલ્લામાં વંચાણ-(૪)થી લાગુ કરવામાં આવેલ જાહેરનામામાં દર્શાવેલ નીચે મુજબના નિયંત્રણો ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે તા.૨૯.૧૦.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાકથી તા.૩૦.૧૧.૨૦૨૧ના સવારના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે.

A. તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, લારી-ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર, રેસ્ટોરેન્ટસ, અઠવાડીક ગુજરી/બજાર/હાટ તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિઓ ચાલુ રાખી શકાશે.

B. જીમ ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકશે.

C. જાહેર બાગ-બગીચાઓ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ખુલ્લા રાખી શકાશે.

D. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૪૦૦ (ચારસો) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઇ યથાવત રહે છે.

E. અંતિમક્રિયા/દફનવિધી માટે મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી રહેશે.

F. તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભોમાં તેમજ ધાર્મિક સ્થળોમાં કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.

G. ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે બેચવાઇઝ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે ચાલુ રાખી શકાશે.

H. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે.

I. શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે.

J. વાંચનાલયો ૭૫% ક્ષમતા સાથે કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન ચાલુ રાખી શકાશે.

ફોન નં. (૦૨૬૩૧) ૨૦૨૦૨૦૧ ફેક્સ નં.(૦૨૬૩૧) ૨૨૦૨૯૪ **E-mail- collector-dan@gujarat.gov.in**

K. પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટની નોન. એ.સી. બસ સેવાઓ ૧૦૦% ક્ષમતા સાથે (Standing not allowed) જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે.

L. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત ચાલુ રાખી શકાશે.

M. સિનેમા થિયેટરો ૧૦૦% ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે.

N. વોટર પાર્ક તથા સ્વિમીંગ પુલ મહત્તમ ૭૫% કેપેસીટીમાં ચાલુ રાખી શકાશે.

O. સ્પા સેન્ટરો નિયત કોરોના ગાઇડલાઇનના ચુસ્તપણે પાલન સાથે સવારના ૦૯.૦૦ થી રાત્રીના ૦૯.૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.

P. ઉપરોકત A, B, G, J, K, L, M, N, O માં જણાવેલ બાબતો સંદર્ભમાં તમામ માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનનો પ્રથમ ડોઝ ફરજિયાત રહેશે. જે વ્યકિતઓના RTPCR ટેસ્ટ પોઝીટીવ આવેલ હોય તેવા કિસ્સાઓમાં RTPCR ટેસ્ટ પોઝીટીવ આવ્યાના ૧૪ દિવસથી/ હોસ્પિટલની Discharge Summaryની તારીખથી ૯૦ દિવસ પૂર્ણ થયા બાદ તુર્તજ વેક્સીનનો પ્રથમ ડોઝ લેવાનો રહેશે. પ્રથમ ડોઝ લીધાને નિયત સમય મર્યાદા પુર્ણ થયેલ હોય તો બીજો ડોઝ પણ લીધેલ હોય તે હિતાવહ રહેશે.

૩. નૂતન વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમ તેમજ છઠ પૂજાના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P.ને આધિન, ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) કરી શકશે.

૪. અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતાં મુસાફરોને RTPCR Test સંબંધમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ લાગુ રહેશે.

૫. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમના ભંગ બદલ THE EPIDEMIC DISEASES ACT 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ, INDIAN PENAL CODEની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGEMENT ACTની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

// જાહેર વિજ્ઞપ્તિ //

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી

પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯.૧૦.૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ભાવિન પંડયા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,
વડોદરા.

૨/- જાણ તથા ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના જાણ સારૂ :-

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર તરફ.
(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ.
(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ
(૪) માન. પોલીસ મહાનિર્દેશકશ્રી, અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર તરફ.

નકલ જયભારત સહ રવાના :-

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.
(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ... જરૂરી કાર્યવાહી થવા સારૂ.

નકલ રવાના :

(૧) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા, જી.ડાંગ.
(૨) ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા, જી.ડાંગ.
(૩) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.
(૪) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.
(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વઘઇ/સુબીર જી.ડાંગ.
(૬) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.
(૭) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.
(૮) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન ,આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૮)

(૯) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ......જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

ફોન નં. (૦૨૬૩૧) ૨૦૨૦૨૦૧ ફેક્સ નં.(૦૨૬૩૧) ૨૨૦૨૯૪ **E-mail-** collector-dan@gujarat.gov.in

(૧૦) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૧) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૨) રેકર્ડ શાખા, કલેક્ટર કચેરી,આહવા................અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.